**રાજકોટના મહે. ૧૫ માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ અને સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,મુ. રાજકોટ.**

**ક્રિમીનલ કેસ નંબર:–           /૨૦**

**આંક:– ૬**

**<u>ફરીયાદી</u>           શ્રી સરકાર (કુવાડવા પો.સ્ટે.)**

વિરૂધ્ધ

**<u>આરોપી</u>           :**

**રહે :**

**<u>ગુનો :–ઈ.પી.કોડની કલમ ૨૬૯ તથા ૨૭૦મુજબ</u>**

**<u>ફરીયાદી પક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.એન.ગોસાઈ</u>**

**<u>આરોપી તરફે જાતે/વિ.વ.શ્રી.</u>**

**<u>ચુકાદો</u>**

**૧.)** ફરીયાદ પક્ષના કેસ ની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ હાલ નોવેલ કોરોના વાયરસ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય જેનો ફેલાવો અટકાવવા તકેદારીના ભાગરૂપે લોકડાઉન જાહેર થયેલ હોય જેમા લોકોને જરૂરી કામ વગર બહાર નીકળવુ નહી તેવુ જાહેર થયેલ હોય તેમ છતા તમો આરોપીને તેની જાણ હોવા છતા કોરોના વાયરસ ચેપી રોગ હોય જે તેનો ચેપ પોતાનામાંથી અન્ય કે અન્યથી પોતાને ચેપ લાગવાથી આ રોગ થાય તેમ હોય ચેપના કારણે માનવની જીંદગી જોખમમા મુકાય તેમ હોય તેમ છતા તમોએ દ્વેષબુધ્ધીપુર્વક જાણી જોઈ ઘરની બહાર નીકળી બેદરકારી તથા બીનજવાબદાર પુર્ણ વર્તન કરી આઈ.પી.સીની કલમ ૨૬૯ તથા ૨૭૦ નો ભંગ કરેલ છે. જે મુજબનુ કુવાડવા પો.સ્ટે. તરફથી સબબ ગુનાનુ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે.

**૨.)** આરોપીને સમન્સ બજતા તેઓ જાતે આરોપી કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનુ જાહેર કરી પુરશીષ આંક–૪_થી રજુ કરેલ છે. જે સંદર્ભ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ

હોવાનુ જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી, જેથી આરોપી ની કબુલાત તથા હાલની પરિસ્થીતી તથા સંજોગો ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતાં જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની માનપુર્વકની અરજ કરેલ છે.જેથી આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આમ,ઉપરોકત તમામ સંજોગો તથા ચર્ચા,નામદાર વડી અદાલત નો ચુકાદો, ગુનાની હકિકત અને સજા જગોવાઈ ધ્યાને લઈ ન્યાયના વિશાળ હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

**(૧)** આ કામના આરોપીને **ક્રી.પ્રો.કો.કલમ ૨૫૨** મુજબ **ઈ.પી.કો. કલમ ૨૬૯, ૨૭૦,** મુજબ નાં ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા. ૨૦૦/- (અંકે બસો પુરાનો) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમના ભરે તો દિન – ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે જો કોઈ મુદામાલ કબજે કરેલ હોય તો કલેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી નિયમ અનુસારની કાર્યવાહી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ની તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ લોક અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :૧૨/૧૧/૨૦૨૨.**
**રાજકોટ.**

**(કિર્તીકુમાર મનોજકુમાર ગોહેલ)**
**૧૫મા એડીશનલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ**
**તથા સીનીયર સીવીલ જજ, રાજકોટ.**
**(UIC NO.GJ01120)**